## સોસાયટીએ શું ધ્યાનમાં રાખવું જોઈએ ?

★ સોસાયટીના તમામ ગેટ ઉપર તેમજ સોસાયટીમાં જુદી જુદી જગ્યાઓએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જોઈએ.
★ દરેક સોસાયટીએ બાળકોના રમવા માટે એક કોમન જગ્યા બનાવવી જોઈએ અને આ જગ્યાએ વાલીઓ તથા વૃધ્ધો બેસી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી બાળકો ઉપર નજર રહી શકે અને બાળકોને સુરક્ષિત રાખી શકાય.
★ જાતીય શોષણના દુષ્કૃત્યો સમાજમાં બદનામી થવાના કારણે જાહેર કરવામાં આવતા નથી. નાનામાં નાની ઘટનાનો પણ રીપોર્ટ કરવો જોઈએ. જેથી ભવિષ્યમાં કોઈપણ બાળકો જાતીય શોષણનો ભોગ ન બને અને તેઓ સુરક્ષિત રહે. આવા બનાવ અંગે કાર્યવાહી નહી કરવાના કારણે ગુન્હાહીત વૃતિને પ્રોત્સાહન મળે છે.

## યુવક-યુવતિઓને સંદેશ

★ સામાન્ય રીતે ૧૮ વર્ષની આસપાસની કૌમારીક ઉંમરના યુવકો યુવતી સાથે પ્રેમ થવાના કારણે આ પ્રકારના ગુન્હાઓ આચરે છે અને તેના પરિણામ સ્વરુપે યુવાન કે જે દેશનું ધન છે તેનો કિંમતી યુવાનીનો સમય બરબાદ થઈ જાય છે. આથી, યુવકોને ખાસ સંદેશ છે કે તેઓએ યુવતી સાથે પ્રેમ થવાના કારણે યુવતી કે બાળક સાથે શારીરીક અડપલા, અશ્લીલ ચેનચાળા, શારીરીક સંબંધ વિગેરે હરકતો શારીરીક ઉતેજનમાં આવીને કરવી જોઈએ નહી આવા કૃત્યો કરવાથી ગુન્હો બને છે તે અંગે સજાગ રહેવું જોઈએ.
★ યુવકોને ખાસ સંદેશ એ પણ છે કે ૧૮ વર્ષની નીચેની વય દરમ્યાન કોઈપણ યુવતી સાથે તેની સંમતિ હોવા છતાં પ્રેમ થવાના કારણે કોઈપણ પ્રકારનું જાતીય હુમલાનું કૃત્ય કે શારીરીક સંબંધ કરવો નહિં કારણ કે આ કાયદા નીચે ઓછામાં ઓછી સજા ૧૦ વર્ષની કેદથી લઈને જો યુવતીની ઉંમર ૧૬ વર્ષાથી નીચેની હોય તો સજાની જોગવાઈ ૨૦ વર્ષથી આજીવન કારાવાસ સુધીની છે.
★ આ ઉપરાંત ગંભીર પ્રકારના કિસ્સામાં એટલે કે દબાણપૂર્વકના શારીરીક સંબંધના કિસ્સામાં કાયદામાં થયેલ સુધારા મુજબ ઓછામાં ઓછી સજા ૨૦ વર્ષ અને દેહાંત દંડની જોગવાઈ પણ કરવામાં આવેલી છે.

न्याय सब के लिए
ACCESS TO JUSTICE FOR ALL

## આવા બનાવ બાબતે મદદ માટે કોને જાણ કરવી ?

જાતીય શોષણ વિષે ફરીયાદ કે માહિતી મળે તો તુરત જ નીચેના ફોન નંબર ઉપર જાણ કરો.

**ચાઈલ્ડ હેલ્પલાઈન - ૧૦૯૮**
**સ્થાનિક પોલીસ - ૧૦૦**
**નાલ્સા હેલ્પલાઈન નંબર - ૧૫૧૦૦**

न्याय सब के लिए
ACCESS TO JUSTICE FOR ALL

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ (ગ્રામ્ય)

### જીલ્લા ન્યાયાલય સંકુલ અમદાવાદ (ગ્રામ્ય), મિરઝાપુર

## યૌન અપરાધોથી બાળકોની સુરક્ષા અધિનિયમ, ૨૦૧૨ (પોક્સો એક્ટ)

# બાળકોના જાતીય શોષણ વિશે જાગૃત થાઓ

## જાતીય શોષણ એટલે શું ?

જાતીય શોષણ એટલે કોઈ વ્યકિત દ્વારા કરવામાં આવતી શારીરીક છેડતી, શરીર કે તેના અંગો વિષે કરવામાં આવેલી મજાક, જાણીજોઈને શારીરિક સ્પર્શ કરવો, પોર્ન ફિલ્મ કે અશ્લીલ ફોટોગ્રાફ બતાવવા કે મોકલવા, શારીરિક લાભના બદલામાં ફાયદાનો વાયદો કે નુકશાન અંગેની ધમકી, અશ્લીલ ઈશારા - હાવભાવ કે વાતચીત કરવી. બાળકો આવી બાબતોથી વ્યાકુળ બને છે અને તેને સ્વીકારી શકતા નથી તેવી તમામ બાબતો જાતીય શોષાણનો ભાગ છે. આ બધી બાબતોને જાતીય શોષાણ કહેવામાં આવે છે.

## બાળકોની સાથેના યૌન અપરાધો અંગે કયો કાનૂન ભારતમાં છે અને તેમાં શું શું જોગવાઈ કરવામાં આવેલ છે ?

★ આ અંગે યૌન અપરાધોથી બાળકોની સુરક્ષાા અધિનિયમ, ૨૦૧૨ (પોકસો) નો કાયદો છે. આ કાયદાની કલમ-૪ માં પ્રવેશ જાતીય - હુમલાની શિક્ષા સાત વર્ષથી આજીવન કારાવાસ અને દંડને પાત્ર છે.

★ કલમ-૬ કાયદાથી નિમણુંક કરેલ વ્યકિત દ્વારા ઉગ્ર પ્રવેશ જાતીય - હુમલાની શિક્ષાા દસ વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદ કે જેને આજીવન કારાવાસ સુધી થઈ શકશે અને દંડને પણ પાત્ર છે.

## ગુન્હો જયારે બાળકો સાથે એટલેકે ૧૮ વર્ષથી નીચેના વ્યકિતઓ સાથે થતો હોય, બાળકોએ ગુન્હા બાબતે શું ધ્યાનમાં રાખવું જોઈએ ?

★ બાળક પોતાના શરીરનું માલિક છે, તેની અનુમતિ કે પરવાનગી વિના કોઈ બીજાને તેમના શરીરને સ્પર્શ કરવાનો કે ઈજા પહોંચાડવાનો અધિકાર નથી.

★ બાળકોને પસંદ ન હોય તો પણ કોઈ ભેટવાનો પ્રયાસ કરે અથવા ચુંબન કરે અને આ વાત બીજાથી છુપાવવા કહે તો બાળકોએ તેમને જેના ઉપર વિશ્વાસ હોય તેવી વ્યકિતને આ વાતની જાણ તરત જ કરવી જોઈએ.

★ બાળકોને જયારે કોઈ વ્યકિત ચોકલેટ કે અન્ય વસ્તુ આપીને એવી હરકત - વ્યવહાર કરે, જેનાથી અણગમો થાય, અસલામતી લાગે તો તેવી વસ્તુ લેવાની ના પાડવી જોઈએ.

★ વાલી/ડોકટર સિવાય કોઈપણ વ્યકિત બાળકના શરીરના કોઈપણ અંગને ખોટી રીતે સ્પર્શે ત્યારે વિરોધ કરવો જોઈએ તથા જોરથી અવાજ કરવો જોઈએ.

★ બાળકોએ માતા-પિતાથી કોઈ વાત ન છુપાવવી જોઈએ.

★ નજીકના કુટુંબી દ્વારા શરીરના કોઈ આંતરીક ભાગને અથવા ગુપ્ત ભાગને સ્પર્શ કરવામાં આવે તો તેની પણ જાણ માતા-પિતાને બાળકે અવશ્ય કરવી જોઈએ.

## માતા-પિતાએ આ ગુન્હા બાબતે શું શું કાળજી લેવી જોઈએ ?

★ બાળકોને તેમના શરીરના આંતરીક કે ગુપ્ત ભાગો વિષે માહિતગાર કરવા જોઈએ. દિકરા-દિકરીઓ સાથે જાતીય બાબતો અંગે મિત્ર બની વાતચીત કરો.

★ બાળકોની સાથે સારા તથા ખરાબ સ્પર્શ એટલે કે "Good Touch" અને "Bad Touch" વિષે મુકત મને ચર્ચા કરવી જોઈએ.

★ બાળકોને પોતાના ઘરનું સરનામું તેમજ માતા-પિતાનું નામ અને મોબાઈલ નંબર વહેલામાં વહેલી તકે યાદ રખાવવા પ્રયત્ન કરવો જોઈએ.

★ બાળકોને સારુ શિક્ષણ અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે તેઓને પુરતો સમય ફાળવવો કે જેથી બાળકો વાલી સાથે કોઈ વાત કરતા અચકાય નહિં.

★ બાળકોને એકલા તથા અજાણ્યા વ્યકિત સાથે બહાર ન મોકલવા અને શકય હોય ત્યાં સુધી બેમાંથી એક વાલીએ સાથે રહેવુ જોઈએ. ખાસ કરીને મોટા તહેવારોના પ્રસંગે વાલીએ પોતાના બાળકો સાથે રહેવુ જોઈએ.

★ માતા-પિતાએ કોઈપણ વ્યકિત ઉપર બાળકો બાબતે સંપૂર્ણ ભરોસો રાખવો નહિં કારણ કે મોટા ભાગના કેસોમાં ગુન્હો કરનાર ભોગ બનનારના નજીકના રહીશ, પડોશી અથવા સગા જ હોય છે.

★ બાળકો સાથે કુચેષ્ટા કરનાર મોટા ભાગના તહોમતદારો કોઈપણ પ્રકારનો નશો અથવા દારુ પીવાની ટેવવાળા હોય છે. આવી ટેવવાળા વ્યકિત પછી તે નજીકની વ્યકિત હોય તો પણ તેમની સાથે બાળકોને એકલા છોડતા પહેલા માતા-પિતાએ કાળજી લેવી.

★ બાળકો સાથે ગુન્હો આચરનાર તહોમતદારો તેમના પરિવારથી જુદા અથવા એકલા રહેતા હોય છે. જેથી આવા વ્યકિતઓના સંપર્કમાં બાળક ન આવે તેની કાળજી રાખવી.

★ અજાણ્યા વ્યકિત દ્વારા કોઈ ચીજ, વસ્તુ કે ચોકલેટની લાલચ આપવામાં આવે તો ના પાડતા બાળકને શીખવવુ જોઈએ અને આ બાબતની ઘરે આવીને પણ બાળક જાણ કરે તેવું શીખવવુ જોઈએ.

★ બાળકોને કોઈ વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાનો આવે તો મદદ માંગવા માટે ચીસ પાડવાનું કે ફોન કરીને જાણ કરવાનુ અવશ્ય શીખવવુ જોઈએ.

★ બાળકને કોઈ અજાણી વ્યકિત દ્વારા કંઈ છુપાવવાનું જણાવવામાં આવે તો તે અંગે તરત જ માતા-પિતાને જાણ કરવા સમજણ આપવી.

★ બાળકોને કોઈ ચીજ કે વસ્તુ ખરીદવા માટે અવાર-નવાર દુકાને મોકલવા જોઈએ નહિં કેમ કે ઘણી વખત દુકાનદાર પોતે જાતીય શોષાણ કરતા હોય છે. આથી, વાલીએ ઘરની ચીજ વસ્તુઓનું પૂર્વ આયોજન કરી લેવુ જોઈએ.